19

The Rights of Persons with Disability Act, 2016**ની કલમ-૩૪ અંતર્ગત** દિવ્યાંગો માટે અનામત રાખેલ ૪(ચાર) ટકા **જગ્યાઓમાં દિવ્યાંગતાના પ્રકારમાં** Spinal Deformity (SD) **અને** Spinal Injury (SI)ને હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) અંતર્ગત **સમાવેશ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૭/૦૯/૨૦૨૨.

**વંચાણે લીધા:**

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 38-16/2020-DD-III, તા. ૦૪/૦૧/૨૦૨૧.
(૨) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 30-12/2020-DD-III, તા. ૨૯/૦૮/૨૦૨૨.
(૩) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંક: 30-12/2020-DD-III, તા. ૦૭/૦૯/૨૦૨૨.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪), તા.૧૮/૦૮/૨૦૨૧.

**પ્રસ્તાવના:-**

ભારત સરકારે વિકલાંગ ધારો-૧૯૯૫ના સ્થાને દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ અમલી કરેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૪(૧) અંતર્ગત સરકારી નોકરીઓમાં દિવ્યાંગો માટે ચાર ટકા અનામતની જોગવાઇ કરવામાં આવેલા છે તથા સદર જગ્યાઓ પર અનામતના લાભ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર દર્શાવેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૪(૧)માં ગ્રુપ a, b, c, d અને e માં દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકાર ધરાવતા દિવ્યાંગોને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાંથી કેન્દ્ર સરકાર હસ્તકના સંવર્ગો પર ક્યા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને માન્ય રાખી શકાય તે સુનિશ્ચિત કરેલ છે. સદર જાહેરનામામાં વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના જાહેરનામાંથી,

Locomotor Dosability અંતર્ગત કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ/અંગોની નિષ્ક્રિયતા વિનાની તથા સાથેની કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) અને કરોડરજ્જુની ઇજા (Spinal Injury)નો સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના ભારત સરકારના પત્રની સૂચના ધ્યાને લઇ, RPwD Act, 2016 હેઠળ દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા બાબતે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્ર</u>:-

વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાને આધારે રાજ્ય સરકાર હસ્તકના તમામ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરેલ છે તેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ભારત સરકારના જાહેરનામાંથી કરેલ સુધારા અન્વયે, દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરતી વખતે કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) **અને** કરોડરજ્જુની ઇજા (Spinal Injury) દિવ્યાંગતાના પ્રકાર બાબતે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૧) કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity(SD)) **અને** કરોડરજ્જુની ઇજા (Spinal Injury (SI)) દિવ્યાંગતાના પ્રકારને નીચે મુજબ બે પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

A. કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ/અંગોની <u>નિષ્ક્રિયતા વિના</u> કરોડરજ્જુની વિકૃતિ (SD)/ કરોડરજ્જુની ઇજા (SI) ધરાવતા વ્યક્તિઓ.
B. ન્યુરોલોજીકલ/અંગોની <u>નિષ્ક્રિયતા સાથે</u> કરોડરજ્જુની વિકૃતિ (SD)/ કરોડરજ્જુની ઇજા (SI) ધરાવતા વ્યક્તિઓ.

ઉપર દર્શાવેલ **(A)** મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) હેઠળ કરોડરજ્જુની વિકૃતિ (SD) **અને** કરોડરજ્જુની ઇજા (SI)ની <u>અલગ સબ કેટેગરી ઉમેરવામાં આવશે</u>. જ્યારે ઉપર દર્શાવેલ **(B)** મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે તેમની દિવ્યાંગતા ધ્યાને લઇને હલનચલનની દિવ્યાંગતાના પેટા પ્રકાર જેવા કે **One Arm(OA), One Leg (OL), Both Arm (BA), Both Leg (BL), One Arm Leg (OAL), Both Leg One Arm(BLOA)** અને **Both Leg Arm (BLA)** અંતર્ગત સમાવેશ કરવાનો રહેશે.

(૨) રાજ્ય સરકાર હસ્તકના તમામ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરતી વખતે ગ્રુપ (b)માં ઉપર મુદ્દા નં.૧માં દર્શાવેલ કરોડરજ્જુની વિકૃતિ (SD) અને કરોડરજ્જુની ઇજા (SI) દિવ્યાંગતાના પ્રકારનો સમાવેશ કરવા બાબતે સંબધિત વિભાગે વિચારણા કરવાની રહેશે તેમજ અગાઉ જે સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવામાં આવેલ છે તેમાં સદર દિવ્યાંગતાનો સમાવેશ કરવા બાબતે વિચારણા કરી, કરોડરજ્જુની વિકૃતિ (SD) અને કરોડરજ્જુની ઇજા (SI)

દિવ્યાંગતાનો સમાવેશ કરવાનું યોગ્ય જણાય તો જે તે વિભાગના સચિવશ્રીની મંજૂરી લઇ, દિવ્યાંગતાના પ્રકારમાં સુધારો કરવા અંગે કાર્યવાહી કરવાની રહેશે તથા તે અંગેની જાણ આ વિભાગને કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

*૧. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

*૨. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

*૩. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*૪. સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.

૬. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

૭. સચિવાલયના સર્વે વિભાગોને તેઓના નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીને પરિપત્રિત કરવાની વિનંતી સહ.

૮. નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. નિયામકશ્રી, અ.જા.ક./વિ.જા.ક., બ્લોક નં.૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૦. સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.

૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

૧૨. સિલેકટ ફાઇલ-૨૦૨૨.

(* પત્ર દ્વારા )